R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 35 DATE: 01-09-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## રિઝર્વ બેન્ક નોટબંધીના આશરે બે વર્ષમાં રદ થયેલી નોટો ગણી શકી :રદ થયેલી રુ.૫૦૦ અને રુ ૧૦૦૦ની ૯૯.3% નોટો બેકમાં જમા થઇ

૮નવેમ્બર ૨૦૧૬ના રોજ મોદી સરકાર દ્વારા દેશમાંથી કાળુ નાણું નાબુદ કરવાના દાવા સાથે રુપીયા ૫૦૦ અને રુ.૧૦૦૦ની ચલણી નોટ રદ કરાઇ હતી.લગભગ બે વર્ષથી ભારતીય રિઝર્વ બેન્ક જમા થયેલી જુની નોટો ગણી રહી હતી.આખરે ચોકાવનારા પરિણામ પ્રાપ્ત થયાં છે.રિઝર્વ બેન્કે જારી કરેલા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના વાર્ષિક રિપોર્ટ અનુસાર નોટબંધી બાદ રદ થયેલી ૯૯.૩ ટકા નોટબેન્કોમાં પાછી જમા થઈ ગઈ છે.

આરબીઆઈના રિપોર્ટ અનુસાર નોટબંધીના સમયે દેશમાં રુપીયા ૧૫.૪૧લાખ કરોડના મુલ્યની ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ચલણમાં હતી.તેમાંથી રુપીયા ૧૫.૩૧ લાખ કરોડના મુલ્યની નોટો બેન્કો પાસે પરત આવી ચુકી છે.તેનો અર્થ એ છે કે બંધ કરાયેલી નોટોમાંથી ફક્ત રુપીયા ૧૦,૭૨૦ કરોડની મુલ્યની નોટો જ બેન્કો પાસે પરત પાછી ફરી નથી.આરબીઆઈએ જણાવ્યુ હતું કે નોટબંધી બાદ બેન્કોમાં જમા થયેલી સ્પેસીફાઈડ બેન્ક નોટ્સ ની ગણતરી હાઈસ્પીડ કરન્સી વેરીફીકેશન એન્ડ પ્રોસેસીંગ સિસ્ટમ દ્વારા કરાઈ છે. ત્યારબાદ તમામ નોટ નષ્ટ કરી દેવાઇ છે.નોટબંધી બાદ સરકારે રુપીયા ૫૦૦ની નવી નોટ જારી કરી હતી અને રુપીયા ૧૦૦૦ની જગ્યાએ રુ.૨૦૦૦ની નવી નોટ ચલણમાં મુકી હતી.૨૦૧૬-૧૭માં આરબીઆઈએ રુપીયા ૫૦૦ અને રુ.૧૦૦૦ની નવી નોટ તથા અન્ય મુલ્યની નોટોના છાપકામમાં રુપીયા ૭૯૬૫કરોડનો ખર્ચ કર્યો હતો.જે ૨૦૧૫-૧૬માં ચલણી નોટો છાપવા માટે કરાયેલા ખર્ચ ૩૪૨૧ કરોડ રુપીયા કરતાં બમણાં હતા.તે ઉપરાંત જુલાઇ ૨૦૧૭જુન ૨૦૧૮ સુધીમાં સરકારે નવી-નોટો છાપવા માટેરુપીયા ૪૯૧૨ કરોડનો ખર્ચ કર્યો હતો.

કોગ્રેસના નેતા પી.ચિદમ્બરમે જણાવ્યુ હતું કે આરબીઆઇના આંકડા સુચવે છે કે કુલ ૧૩ હજાર કરોડની નોટ બેન્કમાં પરત આવી નથી.૧૩ કરોડ સામે ૨.૨૫ લાખ કરોડની ખોટ ગઇ છે.જીડીપીમાં ભારતને ૧.૫ ટકા નુકશાન થયું છે. નોટબંધીને કારણે જીડીપી ગગડ્યો હતો.જે ૧૩ હજાર કરોડ પરત આવ્યા નથી બની શકે છે તે બ્લેક મની ન પણ હોય. નેપાળ અથવા ભુટાનનું ચલણ હોઈ શકે અથવા તેનો નાશ કરવામાં આવ્યો હશે.

પરંતુ દેશમાં નોટબંધી લાદવા પાછળના કારણો માં દેશમાંથી કાળુ નાણું નાબુદ કરવા અંગે વિચારીને પગલું લેવાયું હતું. ત્યારબાદ બનાવટી નોટોનું નામોનિશાન મીટાવવાનું કારણ,ભ્રષ્ટાચાર પર લગામ કસવાનું કારણ, તેમજ આતંકવાદીઓને મળતી સહાય બંધ કરવાનું આયોજન હતું. પરંતુ એકેય કારણ અસરકારક બની શક્યું નહી.આરબીઆઇના રિપોર્ટ પ્રમાણે નોટબંધી દરમિયાન જેટલી કરન્સી સિસ્ટમમાંથી બહા ગઈ તેનાથી વધુ ચલણમાં આવી ગઈ છે.પરિણામે એવું કહી શકાય કે નોટબંધીનો સરકારે ખેલેલો જુગાર સફળ બન્યો નહીં.

## અસહમતી લોકશાહીનો સેફટી વાલ્વ છે,જો અસહમતીને પરવાનગી ના અપાય તો પ્રેશરકુકર ફાટી જશે : કહી સુપ્રીમ કોર્ટે પાંચ એક્ટીવિસ્ટની ધરપકડ અટકાવી

મહારાષ્ટ્રના પુણે જિલ્લાના ભીમા કોરેગાંવ ખાતે થયેલી હિંસા માટે જવાબદાર મનાતી ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ પુણે ખાતે યોજાયેલી એલગાર પરિષદમાં નકસલવાદીઓની કથિત સંડોવણીની તપાસ કરી રહેલી પુણે પોલીસે પાંચ નામાંકિત માનવ અધિકાર કાર્યકર્તાઓની ધરપકડ કરી તેને મોટી રાહત આપતાં સુપ્રીમ કોર્ટે તમામ એકટીવિસ્ટોને કેસની આગામી સુનાવણી હાથ ધરાય નહીં ત્યાં સુધી નજરકેદમાં રાખવા પોલીસને આદેશ આપ્યો હતો.ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વ હેઠળની પાંચ જજની બેન્ચે આ કેસની સુનાવણી ૬ સપ્ટે. રાખી છે. સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ સરકાર અને અન્ય પક્ષકારોને નોટીસ પાઠવી ૬ સપ્ટે. સુધીમાં જવાબ રજુ કરવા આદેશ આપ્યો છે.

એક્ટીવિસ્ટ રોમિલા થાપર,પ્રભાત પટનાઇક,સતીષ દેશપાંડે અને અન્યો દ્વારા દાખલ કરાયેલી પીટીશનની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટમાં પાંચ માનવઅધિકાર કાર્યકર્તાની ધરપકડ કરવાની પધ્ધતિ પર નારાજગી વ્યક્ત કરી હતી. સરકારપર આકરી ટિપ્પણી કરતાં સુપ્રીમ કોર્ટના જજ ડી.વાય.ચંદ્રચુડે જણાવ્યુ હતું કે લોકશાહીમાં અસહમતીને કચડી નાંખવી જોઈએ નહીં. અસહમતિ લોકશાહીનો સેફટીવાલ્વ છે. જો અસહમતીને પરવાનગી આપવામાં નહીં આવે તો પ્રેશરકુકરની માફક ફાટી જશે.

દરમિયાન વડાપ્રધાન મોદીની હત્યાનું કાવતરુ રચવા બદલ ધરપકડ કરાયેલા વરવારા રાવ,વેનોર્ન ગોન્સાલ્વિઝ અને અરુણ ફરેઈરાને પુણેની જિલ્લા અદાલતમાં રજુ કરાયા હતા. દિલ્હી હાઈકોર્ટના આદેસ પર ગૌતમ નવલખા અને સુદા ભારદ્વાજને નજરકેદ રાખવામાં આવ્યા હતા.બીજી તરફ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે પાંચ એક્ટિવિસ્ટોની ધરપકડના મુદ્દે મહારાષ્ટ્ર સરકારને નોટીસ પાઠવી જવાબ માંગ્યો છે.

એફઆઈઆરમાં ધરપકડ કરાયેલા એક્ટિવિસ્ટોના નામજ નથી. જો લોકોની આ રીતે ધરપકડ કરાતી રહેશે તો લોકશાહીનો અંત આવી જશે : અભિષેક મનું સંઘવી જ્યારે ઈદીંરા જયસિંહ કહ્યુ હતું કે આ પસંદગીની ધરપકડો છે આ રીતે ભારતમાં કોઈ સુરક્ષિત રહી શકશે નહીં. જ્યારે સરકાર પક્ષના વકીલોની દલીલ એવી હતી કે આ ઘણી વિચિત્ર બાબત છે કે આરોપીઓ વતી અજાણ્યા લોકો બચાવમાં ઉતરી આવ્યા છે.તુષાર મહેતા

## કેરળના પુરસંકટને રાષ્ટ્રીય આપદા જાહેર કરવા રાહુલ ગાંધીની માંગ



કેરળના પુરગ્રસ્તો માટે રાહતસામગ્રી અને ભંડોળ એકઠું કરીને તમામ મદદ માટે અપીલ કરી હતી.

કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી બે દિવસની પુરગ્રસ્ત કેરળની મુલાકાતે ગયા હતા.તેમણે કેરળન પુરને રાષ્ટ્રીય આપદા જાહેર કરવાની માંગણી કરી હતી. કેન્દ્ર દ્વારા કરવામાં આવેલી સહાયને તેમણે અપુરતી ગણાવી હતી.તેમણે કેરળને વધુ સહાય કરવા કેન્દ્રને અનુરોધ કર્યો હતો.તેઓએ ચેન્ગાનુર, અલાપુઝ્ઝા, એન્ગામાલી ખાતે રાહત કેમ્પોમાં અસરગ્રસ્તોની મુલાકાત લીધી હતી.તેમણે સંખ્યાબંધ ટ્વીટમાં કેરળમાં પુરગ્રસ્ત લોકોની સાથે હોવાનો ઉલ્લેખ કર્યો હતો.કોગ્રેસના સાંસદો અને ધારાસભ્યોએ એક મહિનાનો પગાર

## ભારતની વેપારખાધ ૧૮ અમેરિકન ડોલરની પાચં વર્ષની સૌથી ઉંચી સપાટી પર પહોચી : રુપીયો ડોલર સામે ૭૦.૫૯ની સપાટી પર

એશિયામાં અન્ય દેશોની કરન્સીની તુલનામાં ભારતીય રુપીયો ડોલર સામે અત્યંત ખરાબ દેખાવ કરી રહ્યો છે.અત્યારે ઓલટાઈમ લો ૭૦.૫૯ની સપટી પર છે.કારોબાર દરમિયાન એક સમયે રુપીયો ૭૦.૬૪ની સૌથી નિમ્ન સાપટી પર પહોચ્યો હતો. બેન્કો અને આયાતકારોની સતત વધી રહેલી માંગને કારણે રુપીયો દબાણમાં આવી ગયો છે.તે ઉપરાંત અન્ય વિદેશી ચલણો સામે ડોલરની મજબુતાઈને કારણે રુપીયા પર વધુ દબાણ સર્જાયું છે.

ભારતમાં સતત વધી રહેલી વેપાર ખાદ્ય પણ રુપીયામાં ઘસારો લાવી રહી છે. અત્યારે ભારતની વેપાર ખાદ્ય ૧૮ અબજ અમેરિકન ડોલરની પાંચ વર્ષની સૌથી ઉંચી સપાટી પર પહોચીં છે.તાજેતરમાં અમેરિકા અને ચીન વચ્ચેનું વેપારયુધ્ધ, વધી રહેલી ક્રુડતેલની કિમતો રુપીયામાં ધોવા માટે કારણભુત બની રહ્યા ચે.ડોલર સામે રુપીયાની કિંમત ૭૨ ની સપાટી પર પહોચી શકે છે.દેશનું અર્થકારણ ઝોલા ખાઈ રહ્યું છે.

## લીન્ચીંગની ઘટનાઓથી ભારતની છબીને નુકશાન થયુ છે : કેન્દ્રીય ટુરીઝમ મંત્રી આલ્ફોન્સે

કેન્દ્રીય પર્યટન મંત્રી કે.જે.આલ્ફોસે કહ્યુ હતું કે લિંચિંગ ભારતની છબી માટે ખરાબ છે.ટુરીઝમને પ્રોત્સાહન આપવા ચીન ગયેલા કેન્દ્રીય મંત્રીએ કહ્યુ કે બીફ પર પ્રતિબંધ લગાવવાથી ટુરીઝમ પર કોઈ અસર પડી નથી.અને ભારતને મહિલાઓ માટે સૌથી અસુરક્ષિત ગણાવતાં સરવેની સચ્ચાઈ બહાર લાવવા માટે માંગણી કરી હતી.

અહેવાલ મુજબ આલ્ફોસે ભારતીય પત્રકારો સાથે વાતચીતમાં કહ્યુ હતું કે લીંચીંગ થવું જોઈએ. વડા પ્રધાન મોદીએ પણ લિંચિગ કરનારાઓને અપરાધી ગણાવ્યા છે અને વડાપ્રધાને રાજ્યોને કહ્યુ કે તમારે કાર્યવાહી કરવી જોઈએ કેમકે કાયદો અને વ્યવસ્થા રાજ્યના અધિકાર હેઠળ આવે છે. આલ્ફોન્સેને જ્યારે પુછવામાં આવ્યું કે લિંચિંગની ઘટનાઓથી ભારતમાં ટુરીઝમ પ્રભાવિત થાય છ ?તેના જવાબમાં તેમણે કહ્યુ એક મોટા વ્યાપમાં નહીં.પરંતુ આવી ઘટનાઓથી દેશની છબી પર અસર પડે છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કાયદા પંચે લોકસભા અને રાજ્ય વિધાનસભાની એકસાથે ચુંટણીઓ યોજવાની દરખાસ્ત પર મંજુરીની મહોર મારી દીધી છે. સરકારને મોકલેલા રિપોર્ટના મુસદ્દામાં તેણે એ માટે બંધારણ અને ચુંટણીને લગતા કાયદામાં ફેરફારની પણ ભલામણ કરી છે. પેનલે કહ્યુ છે કે આનાથી દેશને સતત ચુંટણી લક્ષી મોડમાં રાખવાથી અટકાવી શકાય છે. આવી ક્વાયત હાથ ધરવાથી લોકોના પૈસા બચશે, વહીવટી માળખા અને સલામતી દળો પર બોજ ઘટશે અને સરકારની નીતીઓનો સરસ અમલ થઈ શકશે તેમ અહેવાલના મુસદ્દામાં ઉમેરાયું છે.

એકસાથે ચુંટણી થાય તો દેશની વહીવટી મશીનરી પણ ચુંટણીલક્ષી કામગીરીને બદલે વિકાસલક્ષી પ્રવૃતિઓમાં સતત લાગેલી રહેશે તેમ જણાવતાં તેમાં ચેતવણી અપાઈ છે કે બંધારણના હાલના માળખામાં એકસાથે ચુંટણી શક્ય નથી.અગાઉ એક અખબારમાં આ અહેવાલને સમર્થન અપાયું હતુ કે કાયદા પંચ વડાપ્રધાન મોદીની એક રાષ્ટ્ર એક ચુંટણી માટેની વડાપ્રધાન મોદીની દરખાસ્તની ભલામણ કરી તેવી શક્યતા છે.જો કે દેશનો માહોલ હાલમાં આ બાબતે અનુકુળ નથી છતાંભાજપના મનમાં એક સાથે દેશમાં પોતાની હકુમત સ્થાપી દેવા માટે તેમના મનમાં આ બાબતે સ્પષ્ટ વિચાર ચાલી રહ્યો છે.ભાજપ અને તેના સહયોગીઓ ગમે તે ભોગે ચુંટણીઓ જીતી લેવા માંગે છે જેથી વિધાનસભા અને લોકસભાની ચુંટણીઓ એક સાથે હોય તો જે કોઈ રાજરમત રમવી હોય તે એક સાથે રમીને પોતાની તરફેણમાં પલ્લુ નમાવી શકાય તેવી તેમની માન્યતા છે.

છેલ્લા ચાર વર્ષના લેખાં જોખાં જોતાં એ વાત સ્પષ્ટતા પુર્વક કહી શકાય કે સરકારે લીધેલા નિર્ણયોમાં મોટા નિર્ણયોમાં સરકારની પાછીપાની થઈ છે. નોટબંધી,જીએસટી,વિદેશી મુડી રોકાણ,કે પછી રુપીયાની સ્થિરતા, મોંઘવારી નાના લઘુ ઉદ્યોગોની માંદગી વિગેરે વિગરેમાં સરકારની ઉજળી બાજુ જોવા મળી નથી. ખેર,સત્તા પર રહીને જેટલો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરી લેવાય તે કરી લેવામાં પોતાનું શ્રેય સમજી લેવામાં સાર જોતી નવી આવનાર ચુંટણીઓમાં તેમનુ શું થશે તે બાબતે અવગઢમાં છે.

## મંતવ્ય

જીડીપી બાબતે સામાન્ય લોકોને સમજ ના હોય તેમ માની શકાય અને તેમને ગેરમાર્ગે દોરી શકાય. પરંતુ દેશનો કેટલોક વર્ગ એવો છે કે તેમને જીડીપી શું છે તેની સમજ છે.આ સરકાર દેશની બુધ્ધિજીવીઓને મુરખ માને છે.રાતોરાત જીડીપી નો દર વધી જાય તેટલી મુર્ખતા તો માત્ર આ દેશના નાણાં વિભાગમાં બેઠેલાઓ જ કરી શકે.ક્યાં સુધી આ લોકો ને દેશને મુર્ખ બનાવશે. રમણીક કે.પરમાર

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## દેશના તમામ ધાર્મિક સ્થળોના ઓડિટનો સુપ્રીમ કોર્ટનો આદેશ

સુપ્રીમ કોર્ટે ધાર્મિક સ્થળો અને ચેરીટેબલ સંસ્થાઓની સાફ-સફાઈ,દેખ-રેખ,સંપત્તિ અને ખાતાઓના સંદર્ભે મહત્વનો આદેશ કર્યો છે.જેમાં જિલ્લાની કોર્ટે આ સબંધી ફરિયાદોની તપાસ કરતાં રિપોર્ટ હાઈકોર્ટને સોપવા જણાવવામાં આવ્યુ છે.ગત મહિને જસ્ટીસ આદર્શ ગોયલ અને જસ્ટીસ અબ્દુલ નઝીરે આપેલા આ આદેશ બધાજ મંદિરો,મસ્જીદ અને ચર્ચ અને બીજા ધાર્મિક ચેરીટેબલ સંસ્થાઓને લાગુ પડશે. જિલ્લા જજોના રિપોર્ટના પીઆઈએલ તરીકે ગણવામાં આવશે. જેના આધારે હાઈકોર્ટ નિર્ણય આપશે.

કોર્ટે આ મહત્વના નિર્ણયમાં જણાવ્યુ હતું કે ધાર્મિક સ્થળો પર આવતા લોકોની સમસ્યાઓને જોતાં,વ્યયસ્થાની ઉણપ,સાફ-સફાઈ, સંપત્તિની સાર-સંભાળ, અને દાનની રકમોનો યોગ્ય રીતે ઉપયોગ વગેરે મુદ્દાઓ પર માત્ર રાજ્ય કે કેન્દ્ર સરકારે પગલાં લેવાના નથી. કોર્ટ માટે આ વિચારયોગ મુદ્દાઓ છે.

કોર્ટે આ પ્રતિક્રિયા ભારતમાં ધાર્મિક સ્થળોની સંખ્યાને જોઈને આપી છે.વર્તમાન સમયમડાં દેશમાં ૨૦ લાખથી વધારે મંદિરો, ત્રણ લાખથી વધારે મસ્જીદો અને હજારો ચર્ચો છે.એમિક્સ ક્યુરી ગોપાલ સુબ્રમણ્યમે આપેલી માહિતી મુજબ તામિલનાડુમાં જ સાત હજારથી વધારે પ્રાચીન મંદિર છે. જો કે આ આદેશથી ન્યાયવ્યવસ્થા પર દબાણ વધશે કારણકે દેશમાં ૩ કરોડ જેટલા પેડિંગ કેસો છે અને હાઈકોર્ટ તથા જિલ્લા અદાલતોમાં મોટી સંખ્યામાં પદ ખાલી છે.

જો કે મોટી સંખ્યામાં ધાર્મિક સ્થાનો નોધાયેલા નથી પરિણામે તેના ઓડિટ વિગેરે બાબતોમાં ઘણી મુશ્કેલીઓ પેદા થશે.

## કોલેજો-યુની.ઓમાં જંકફુડના વેચાણ પર યુજીસીનો પ્રતિબંધ

યુનીવરસીટી ગ્રાન્ટ કમિશન(યુજીસી) દ્વારા દેશની તમામ યુનીવરસીટીઓ અને કોલેજમાં જંકફુડના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા છે.અને આ માટે તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને જરુરી પગલાં ભરવા આદેશ આપવામાં આવ્યા છે.યુજીસી એ યુની.ને મોકલેલા પત્રમાં કહેવામાં આવ્યુ છે કે કોલેજમાં જંકફુડ પર પ્રતિબંધ મુકવા એ નવા માપદંડ પ્રસ્થાપિત કરશે. વિદ્યાર્થીઓના જીવનને શ્રેષ્ઠ બનાવશે.શીખવાની પ્રક્રિયા વધારે સારી કરશે અને વિદ્યાર્થીઓમાં મેદસ્વીતાનું પ્રમાણ ઘટી જશે.આ નિર્ણયને કારણે જીવનશૈલી સંલગ્ન બીમારીઓને અટકાવશે, જે મેદસ્વી પણા સાથે સીધો સબંધ ધરાવે છે.યુજીસીએ આ પરિપત્ર માનવ સંસાધન વિકાસ મંત્રાલયના એક આદેશ બાદ મોકલવામાં આવ્યો છે.મંત્રાલયે યુજીસીને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં જંકફુડના વેચાણ પર પ્રતિબંધ લગાવવાના નિર્દેશનો પરિપત્ર કહેવામાં આવ્યુ છે કે તમને વિનંતી છે કે આ સલાહનું સખ્ત રીતે પાલન થાય અને યુવા પેઢીને આ અંગે જાગૃત કરો.આ પહેલા સીબીએસઈ દ્વારા પણ સ્કુલોની કેન્ટીનના મેન્યુમાંથી જંકફુડ હટાવવાનો આદેશ આપ્યો હતો.સ્કુલોના વિદ્યાર્થીઓના લંચબોક્સની તપાસ કરવી અને સમતોલ આહાર અંગે જાગૃતિ લાવવા માટે આદેશ કરાયો હતો.

## દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડા ફોડવા પર સંપુર્ણ પ્રતિબંધ લાદવા કેન્દ્ર સરકારનો ઇન્કાર

દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડાના વેચાણ પર રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધ લાદવાની માંગ નકારી કાઢતા કેન્દ્ર સરકારે તહેવારોમાં પ્રદુષણ પર નિયંત્રણ રાખવાના વૈકલ્પીક પગલાં તરીકે ગ્રીન ક્રેકર્સનું ઉત્પાદન કરવા, મોટા શહેરોમાં સામુદાયિક આતશબાજીને પ્રોત્સાહન આપવા તથા ફટાકડાની લુમના ઉત્પાદન પર પ્રતિબંધ લાદવાના સુચનો કર્યા છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યુ હતું કે રાજ્ય સરકારો ફટાકડા અને આતશબાજી માટે અગાઉથી ચોક્કસ વિસ્તારો નિર્ધારિત કરી શકે.હવામાં માઝા મુકી રહેલા પ્રદુષણનો ઉલ્લેખ કરી ફટાકડાની વપરાશ,ઉત્પાદન અને લાઈસન્સ, વેચાણ, પુનઃ વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ લાદવાની સંખ્યાબંધ અરજીઓ જસ્ટીસ એ.કે.સિકરી અને જસ્ટીસ અશોક ભુષણની બેન્ચે સુનાવણી હાથ ધરી હતી.

દિવાળીમાં પ્રદુષણ ઘટાડવા માટે કાઉન્સીલ ફોર સાયન્ટિફિક એન્ડ ઈન્ડ્સ્ટીયલ રિસર્ચ,નેશનલ એન્વારમેન્ટ એન્જી.રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝીવ ઓરગે.સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની મદદ લેવાશે.

ફટાકડાના ગન પાઉડરમાં હલકી ગુણવત્તા ચકાસવા રો મટીરીટલ ચકાસણી કેન્દ્રો શરુ કરાશે.

ઓછું પ્રદુષણ ઓકતાં ફટાકડાનો ઉપયોગ કરાય.ફટાકડાના ઉત્પાદનમાં અપાયેલ રસાયણો અને નક્કી કરાયેલા ડેસીબલ લેવલનો જ ઉપયોગ કરાય. કાયદાઓ હોવા છતાં લોકો તેનો ભંગ કરતા જ રહે છે પાલન કરાવનારની જાગૃતિ જોઈશે.

## ૧ સપ્ટેમ્બરથી યુરોપ દેશમાં હેલોજન બલ્બ પર પ્રતિબંધ

પ્રથમ સપ્ટેમ્બરથી યુરોપિયન સંઘે હેલોજન બલ્બ પર પ્રતિબંધ મુકી દીધો છે. હવે સંઘના દેશોમાં એલઈડી લાઈટનો ઉપયોગ વધશે. જો કે ઉત્પાદકો તેમનો જથ્થો વેચી શકશે. પણ ૧લી સપ્ટે.૨૦૧૮થી નવો ઓર્ડર લઈ શકશે નહીં.

આ પ્રતિબંધ યુરોપિયન સંઘના ઉર્જાના નિયમોનો આખરી તબક્કો છે.આ નિયમો હેઠળ ઓછી અસરકારક પ્રકાશ સ્ત્રોત્રોને પ્રતિબંધિત કરાઈ રહ્યા છે.આ પ્રતિબંધ યુરોપીયન સંઘમાં ઉર્જાની અસરકારતા વધારવા અને કાર્બન ફુટપ્રિન્ટ ઘટાડવાના હેતુથી થઈ છે. સંઘે ૨૦૦૯ના પ્રારંભમાં જ પરંપરાગત બલ્બો પર પ્રતિબંધ મુકી દીધો હતો.

નવા જાહેરનામાં સાથે પરંપરાગત બલ્બ ઉપર પ્રતિબંધ મુકી દેવાયો છે. પરંતુ ઓવન લાઈટ જેવા કેટલાક હેલોજનને આ પ્રતિબંધમાંથી બાકાત રખાયા છે.ઓછા વોલ્ટેજના રિફ્લેકટર બલ્બ ઉપર પ્રતિબંધ મુકાયો નથી. પ્રતિબંધ પાછળનું કારણ એ પણ છે કે હેલોજન બલ્બ કરતાં એલઈડી લાઈટ ઓછી ઉર્જા વાપરે છે.

## પંજાબમાં ઇશનિંદા માટે આજીવન કેદનો કાયદો

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંઘે પાકિસ્તાન જેવો કાયદો લાવીને નવો વિવાદ સર્જયો છે.કેપ્ટન અમરિન્દરસિંઘે પંજાબમાં પાકિસ્તાન જેવો ઈશનિંદા કાયદો લાવ્યા છે.જેના અંતગર્ત ધાર્મિક ગ્રંથોનું અપમાન કરવા અંગે આજીવન સજા સુધીની જોગવાઈ છે. પંજાબ કેબિનેટે ધાર્મિક ગ્રંથોનો અનાદર કરનારા દોષિતોને આજીવન કેદની સજા આપવા માટે આઈપીસી અને સીઆરપીસીમાં સંશોધનોના પ્રસ્તાવ અંગેના બિલના મુસદ્દાને મંજુરી આપી દીધી છે. જેને પાકિસ્તાનમાં ઈશનિંદા કાયદા જેવો કઠોર કાયદો ગણવામાં આવે છે.પંજાબના મંત્રી નવજોતસિધ્ધુ ઈમરાનખાનના શપથગ્રહણ માટે પાકિસ્તાન ગયા અને સેના પ્રમુખને ભેટ્યા તે પણ વિવાદમાં હાલમાં છે.જો આ દેશમાં બધા રાજ્યોમાં આ કાયદો પ્રસ્થાપિત થાય તો જમણેરી વિચારધારામાં માનનારાઓ વધુ તેના સકંજામાંથી આવી શકે છે.

# એનપીએના સંકટમાં ફસાયેલી સરકારે ભુતપુર્વ રિઝર્વ બેન્ક ગર્વનર રઘુરામ ની મદદ માંગી

કેન્દ્ર સરકાર એનપીએ(નોન પર્ફોમીંગ એસેટ)ના સંકટમાં ફસાઇ છે. હવે આ સંકટમાંથી બહાર આવવા માટે તેણે રિઝર્વ બેન્કના ભુતપુર્વ ગર્વનર રઘુરામ રાજનને યાદ કર્યા છે. સંસદીય સમીક્ષા સમિતિના અધ્યક્ષ મુરલી મનોહર જોશીએ રઘુરામ રાજનને સમિતિ સમક્ષ હાજર થવા કહ્યુ છે. આ સંસદીય સમિતિ દેશમાં વધી રહેલા એનપીએ સંકટની તપાસ કરી રહી છે. જો કે રાજન તરફથી અત્યાર સુધીમાં કોઇ પ્રતિસાદ મળ્યો નથી. સમિતિના અધ્યક્ષે સાત ઓગષ્ટે રાજનને પત્ર લખ્યો છે અને આશા વ્યક્ત કરી હતી કે રાજન ટુંકમાં જ સમિતિ સામે હાજર થશે અને સમિતિને એનપીએની સમસ્યા અને તેનો સામનો કરવાના પ્રયાસોમાં કંઇ દિશામાં વધી રહ્યા છે તેની પ ર પોતાનો અભિપ્રાય રજુ કરશે.

ઉલ્લેખનીય છે કે રઘુરામ રાજનનો રિઝર્વ બેન્કનો કાર્યકાળ સપ્ટે.૨૦૧૬માં પુરો થયો હતો. પરંતુ કેન્દ્ર સરકારે તેમના કાર્યકાળને વધારવાની પહેલ કરી નહોતી. જેના કારણે રિઝર્વ બેન્કના કાર્યકાળને ખતમ કર્યા બાદ અમેરિકી યુની.માં કામ લઇ લીધું હતું. સરકારે ઉર્જિત પટેલને નવા ગર્વનર તરીકને જવાબદારી સોંપી હતી.

મુરલી મનોહર જોશીએ પત્રમાં લખ્યું છે કે રઘુરામ રાજન એનપીએની સમસ્યા પર પોતાનું લેખિત વક્તવ્ય આપે અને જણાવે કે એનપીએની સમસ્યા આટલી ગંભીર કેમ બની ગઇ છે અને તેને અંકુશમાં રાખવા માટે કેન્દ્રની કઇ દિશામાં કામ કરવું જોઇએ. બીજી વાત જાણવાની વાત એ છે કે સંસદીય સમિતિના અધ્યક્ષે રાજનને પત્ર લખવાનું પગલું



એવા સમયે લેવાયું છે જયારે તાજેતરમા કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે સમિતિ સામે એનપીએના મામલે પોતાનો પક્ષ મુક્યો હતો.

# કેરળમાં પુરગ્રસ્ત લોકો રાહત શિબિરોમાં આશરો લઇ રહ્યા છે ત્યારે રોગચાળાનો ભય વ્યાપ્યો છે

કેરળમાં જળપ્રલયથી ૧૦ લાખ જેટલા લોકોને રાહત શિબિરોમાં શરણ લેવું પડ્યું છે.કેરળમાં મોસમના વરસાદથી ૪૨ ટકા વધુ વરસાદ વરસી ગયો છે.ઇદુક્કી જિલ્લામાં સૌથી વધુ અસર થઇ છે ત્યાં ૯૨ ટકા વધુ વરસાદ વરસી ગયો છે.પલક્કડ જિલ્લામાં ૭૨ ટકા વધુ વરસાદ થયો છે.પુરના ચોતરફ ફેલાયેલા પાણી ધીમે ધીમે ઓસરવા લાગ્યા છે.પરંતુ વહીવટી તંત્રે રોગચાળો ફાટી નિકળે તેવી દહેશત વ્યક્ત કરી છે.રાજય સરકારે ૫૬૪૫ જેટલી રાહત શિબિરો ઉભી કરી છે.જેમાં દસ લાખ લોકો આશરો લઇ રહ્યા છે.તેમની સુવિધાઓ અને સ્વચ્છતા સાચવવી એક પડકાર છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કેરળના પુરને ગંભીર પ્રાકૃતિક આપદા ઘોષિત કરી છે.સમગ્ર દેશમાં કેરળમાં રાહત સામગ્રી પહોચાડવામાં આવી રહી છે.કેન્દ્રીય મંત્રી અને કેરળના નાગરિક કે.જે. આલ્ફાન્સોએ કહ્યુ છે કે રાજ્યને કપડાં કે બીજી કોઇ વસ્તુની જરુર નથી. પણ સ્કીલ્ડ માણસોની જરુર છે.ઇલેકટ્રીશયન, પ્લબર અને કારપેન્ટરની સૌથી વધુ જરુરીયાત છે.પુરના કારણે કેરળમાં ૪૦૦થી વધુ લોકોના મોત નિપજયા છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# મધ્યપ્રદેશમાં દલિત યુવતીની પથ્થરો મારીને હત્યા કરી દેવાઇ

મધ્યપ્રદેશના સિનોઇમાં એક દલિત વિદ્યાર્થીનીને વાળ પકડીને બહાર ઢસડી લાવ્યા બાદ તેને પથ્થરો મારી મારીને મારી નાંખવામાં આવતાં સનસનાટી મચી ગઇ છે.પોલીસના જણાવ્યા પ્રમાણે આ વિદ્યાર્થીની પર એવું દબાણ કરવામાં આવી રહ્યું હતું કે તે જાતીય સતાવણીની ફરિયાદ પાછી ખેચી લે.ભોપાલથી ૩૫૦ કી.મી. દુર નેતાજી સુભાષચંદ્ર બોઝોો સરકારી ગર્લ્સ સ્કુલમાંથી આ વિદ્યાર્થીની બહાર આવી રહી હતી.ત્યારે આ ઘટના બની હતી.૩૮ વર્ષનો અનિલ મિશ્રા તેના બાઇક પરથી નીચે ઉતર્યો હતો અને વિદ્યાર્થીનીને વાળ પકડીને ઢસડી ગયો હતો.તેણે તે પછી તેને માથામાં પથ્થર મારી મારીને તેણીને મારી નાંખી હતી.તેમ કોતવાલી પોલીસ સ્ટેશનના ઇનચાર્જ અરવિંદ જૈને કહ્યુ હતું.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# રાજ્યસભાની ચુંટણીમાં નોટાને મંજુરી આપી શકાય નહીં: સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે આપેલા એક મહત્વના ચુકાદામાં રાજ્યસભાની આગામી ચુંટણીઓમાં નન ઓફ એબાવ(નોટા)ના વિકલ્પનો ઉપયોગ કરવાના નિર્ણયને રદ કરી નાંખ્યો છે. ચુંટણી પંચે જારી કરેલા જાહેરનામાને રદ કરી નાંખતા સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે રાજ્યસભાની ચુંટણીઓમાં નોટાના વિકલ્પને પરવાનગી આપી શકાય નહીં. રાજ્યસભાની ચુંટણીઓમાં બેલેટ પેપરમાં નોટાના વિકલ્પની પરવાનગી આપતાં ચુંટણી પંચના નિર્ણયને મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા,જસ્ટીસ એ. એમ.ખાનવિલકર અને જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડની બેન્ચે ર દ કરી નાંખ્યો છે. સુપ્રીમ કોર્ટે અવલોકનમાં કહ્યુ હતું કે રાજ્યસભાની ચુંટણીઓમાં ચુંટણી પંચને નોટાના ઉપયોગની પરવાનગી આપી શકાય નહીં. નોટાનો વિકલ્પ રાજ્યસભામાં રાજ્યોને વસ્તીના પ્રમાણમાં અપાતા પ્રતિનિધિત્વ પર આડકતરી અસર કરી શકે નહીં. બેન્ચે જણાવ્યુ હતું કે નોટાનો વિકલ્પ ફક્ત સીધી ચુંટણીઓ માટે છે અને રાજ્યસભામાં એક પરિવર્તિત મત દ્વારા અપાતા પ્રતિનિધિત્વની સિસ્ટમ દ્વારા યોજાતા મતદાન માટે નથી.

શૈલેષ પરમારની અરજીને એટર્ની જનરલ કે.કે.વેણુગોપાલે સરકાર વતી સંપુર્ણ સમર્થન આપ્યુ હતું. શૈલેષ પરમારે આરોપ મુક્યો હતો કે રાજ્યસભા જેવી આડકતરી ચુંટણીઓમાં નોટાનો વિકલ્પ આપવાથી પાર્ટીના ઉમેદવારને હરાવવા માટે હોર્સ ટ્રેડીંગ, ભ્રષ્ટાચાર અને ગેરબંધારણીય પ્રવૃત્તિઓને વેગ મળશે. બંધારણીય જોગવાઇનું ઉલ્લંઘન કરીને ચુંટણી પંચ પરિપત્ર દ્વાર આ પ્રકારના આદેશ બહાર પાડી શકે નહીં. નોટાના વિકલ્પના કારણે ધારાસભ્યો પાર્ટીના વ્હીપનું ઉલ્લંઘન કરીને નોટા દ્વારા પોતાના મતને અયોગ્ય બનાવી શકે છે. ચુંટણી પંચનો પરિપત્ર બદઇરાદાવાળો હતો.

૧૯મી સદીમ ાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

સોલિડ કાર્બન ડાયોકસાઇડને ડ્રાય આઇસ તરીકે ઓળખવામાં આવે છે.તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.

૧૯મી સદીમ ાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઇંચ પહોળા અને ૮ ઇંચ જાડાઇ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઇ પણ ઠેકાણે પડ્યો નથી.

૧૯મી સદીમ ાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઇંડા મુકે છે.


**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# નોટબંધી ભુલ નહીં,કાળા નાંણા સફેદ કરવાનું કૌભાંડ : રાહુલ ગાંધી

નોટબંધીને કારણે અર્થત્રનો વિનાશ થયો અને બરોજગારીએ માઝા મુકી, મોદીએ દેશના યુવાનોને જવાબ આપવાનો છે તેવું કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું. કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલા રાફેલ વિમાન સોદા અને નોટબંધી મોટા કૌભાંડ ગણાવ્યા હતા.વડા પ્રધાન મોદી પર પ્રહાર કરતાં રાહુલ ગાધીએ કહ્યુ હતું કે નોટબંધી જાણી જોઈને ગરીબોના પગ પર કુહાડી મારવામાં આવી ચે.નોટબંધી બ્લેકમની સફેદ કરવાનું દેશનું સૌથી મોટું કૌભાડ હતું.પીએમના મિત્રોને નોટબંધીમાં ફાયદો થયો છે. તેમણે બ્લેકમનીને વ્હાઈટમની બનાવી દીધા છે.તેમના ૧૫-૨૦ ઉદ્યોગપતિઓએ આ નોટબંધીનો જબરજસ્ત લાભ ઉઠાવ્યો છે.દેશના યુવકો,મહિલાઓ, ખેડુતો અને નાના વેપારીઓના ખિસ્સામાંથી કરોડોની રકમ સેરવી લીધી છે.

રાહુલ ગાંધીએ કહ્યુ કે રાફેલ સોદા પર જેટલી જેસીબી રચવાના મુદ્દે શા માટે ચુપ છે ? દેશ જાણવા માંગે છે કે મોદી અને અનિલ અબાણી વચ્ચે શું સોદો થયો છે.આ અગાઉ રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને નાણાં પ્રધાન જેલીને રાફેલ સોદાની તપાસ કરવા જેપીસીની રચના કરવા માટે ફક્ત છ કલાક જ બાકી છે તેમ કહીને ડેડલાઈનની યાદ અપાવી હતી.તેમણે કહ્યુ હતું કે જેટલીજી રાફેલ સોદામાં તપાસ કરવા માટે સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવા થોડો ક સમય બચ્યો છે.યુવાભારત તમારી રાહ જોઈ રહ્યો છે.

જેટલીએ કહ્યુ હતું કે રાહુલ સાત વખત રાફેલ વિમાનોની જુદી જુદી કિંમત બતાવી ચુકયા છે.તોના જવાબમાં રાહુલે ટ્વીટ કર્યુ હતું કે સમસ્યા ઉકેલવા માટે જેપીસીની રચના અંગે તમારુ મંતવ્ય શું છે ?

નોટબંધી શા માટે કરાઈ તે અંગે તેમણે કેટલાક મુદ્દાઓ રજુ કર્યા હતા.

૧.મોદીએ ૧૫-૨૦ ઊદ્યોગપતિ મિત્રોના માથે કરોડોની નોન પર્ફોમીગં એસેટસ હતી. મોદીએ જનતા પાસેથી પૈસા ખંખેરીને દેશના ક્રોની કેપીટાલીસ્ટના ખિસ્સામાં નાંખ્યા.

૨.મોદી સરકારને માર્કેટીંગ માટે પૈસા આપનાર ઉદ્યોગપતિઓને



ફાયદો કરાવવા નોટબંધી કરાઈ.

૩.મોદીએ તેમના ઉદ્યોગપતિ મિત્રોને બ્લેકના વ્હાઈટ કરવા દેશમાં નોટબંધી લાગુ કરી.

૪.સાબિત થઈ ગયું છે કે અમીરોને મદદ કરવાજ નોટબંધી લાવવામાં આવી.

૫.પીએએ ઉદ્યોગપતિ મિત્રોને ફાયદો કરાવવા યુવકો,મહિલાઓ, ખેડુતો અને નાના વેપારીઓના ખિસ્સામાંથી લાખો કરોડો રુપીયા સેરવી લીધા.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# જુના મકાનોના રિ-ડેવલપમેન્ટ અંગે રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય : ૨૫ વર્ષ જુના બાંધકામ તોડી નવા ફ્લેટ બાંધી શકાશે

જુના મકાનોના રી-ડેપલપમેન્ટ અંગે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે.જે તે ફ્લેટના ૭૫ ટકા ધારકોની સહમતિ હશે તેવા મકાનો તોડીને નવેસરથી વિકાસવી શકાશે. ઓથોરીટીએ ભયજનક જાહેર કરેલો ફ્લેટ તોડી નવેસરથી બાંધી શકાશે. રાજ્યમાં ૨૫ વર્ષ થયા હોય તેવા ફ્લેટ કે એપાર્ટમેન્ટના ૭૫ ટકા ધારકો સહમત થાય તો તેવા ફ્લેટ કે એપાર્ટમેન્ટને તોડીને તેના સ્થાને નવી ઈમારત બાંધી શકાશે તેમ રાજ્ય સરકારે જાહેર કર્યું છે.મુખ્યમંત્રી વિજય રુપાણીએ જુના મકાનોના રી-ડેવલપમેન્ટ(પુનઃ વિકાસ) માટેની કાર્યવાહી બાબતે મહત્વપુર્ણ સૈધ્ધાંતિંક નિર્ણય લીધો છે. મકાન રી-ડેવલપમેન્ટ અંગેની નીતિ રાજ્ય સરકાર દ્વારા તૈયાર થઈ રહી છે. અને તેની જાહેરાત ટુંકમાં જ થશે તેવા અહેવાલ મળ્યા છે.

મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને મળેલી મંત્રીમંડળની બેઠક બાદ તેમણે રી-ડેવલપમેન્ટ અંગે નિર્ણય જાહેર કર્યો હતો.આ નીતિના મુખ્ય મુદ્દા આ મુજબ છે.

(૧)રાજ્યમાં જે મકાનોને વિકાસ પરવાનગી મેળવ્યાની તારીખથી ૨૫ વર્ષનો સમયગાળો પુરો થયો હોય તેવા કિસ્સામાં ઓછામાં ઓછા ૭૫ ટકા ફ્લેટ કે એપાર્ટમેન્ટનો ધારકોની સંમતિ મેળવ્યા બાદ રી- ડેવલપમેન્ટ થઈ શકશે.(અથવા)૨.(સબંધિત ઓથોરીટી( પાલિકા,પંચાયત, વિસ્તાર વિકાસ સત્તામંડળ) દ્વારા જે મકાનો પડી જાય તેવા કે ભયજનક જાહેર કરાયા હોય તેનુ રી-ડેવલપમેન્ટ થઈ શકશે(અથવા)(૩) આવા મકાનોથી આસપાસના રહેવાસીઓ કે અન્ય મિલ્કતોને નુકશાન થાય તેમ જાહેર કરાયેલુ હોય તો તેવા કિસ્સામાં રી- ડેવલપમેન્ટ માટેની કાર્યવાહી થઈ શકશે.

વર્ષ ૨૦૧૦માં રાજ્ય સરકારે સ્લમ ડેવલપમેન્ટ પોલીસી અમલમાં મુકી હતી ત્યાર બાદ વર્ષ ૨૦૧૩માં આનંદીબેન પટેલ,મહેસુલ મંત્રી હતા ત્યારે તેમણે રાજ્યના તમામ જુના અન જર્જરિત મકાનો,સરકારી કે ખાનગી ઈમારતો, સોસાયટીઓને તોડીને તેમના સ્થાને નવી બહુમાળી ઈમારતો બાંધવા માટેની રી-ડેવલપમેન્ટની પોલીસીનો વિચાર કર્યો હતો.તે દિશામાં વિભાગે ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો.એમાં ૨૫ વર્ષ જુના મકાનો અને જે તે ફ્લેટના ૭૫ ટકા ધારકોની સહમતિ આવશ્યક માનવાનું નક્કી કરાયું હતું.પરંતુ એક તબક્કે સરકાર આ ૨૦ વર્ષ જુના મકાનો અને જે તે ફ્લેટના ૬૦ ટકા ધારકોની સહમતિને આવશ્યક માનવાની તરફેણમાં હતી અને એના કારણે નવી નીતિ જાહેર કરવામાં વિલંબ થયો હતો.ત્યારબાદ રાજકીય કારણોસર તે નીતિની જાહેરાત જ શક્ય બની ન હતી.

દરમિયાન નવી સરકાર શાસનમાં આવતાંજ રી- ડેવલપમેન્ટ પોલીસી પર ફરી વિચાર કરાયો હતો અને મહેસુલ વિભાગ ફરી સક્રીય થયો હતો.મહારાષ્ટ્રઅને કર્ણાટકમાં હાલ રી-ડેવલપમેન્ટ પોલીસી અમલી હોવાથી જે તે સમયના એક ઉચ્ચાધિકારીએ આ બંને રાજ્યોની મુલાકાત લઈને રી-ડેવલપમેન્ટ પોલીસી અંગે અભ્યાસ કરીને તેને ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં નવું શું કરી શકાય તેનો વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો હતો.ઓઢવમાં જુની ઈમારત તુટી પડતાં રાજ્યનું તંત્ર સજાગ થઈ ગયું છે.જેના પગલે તંત્રે જર્જરિત ઈમારતના ધારકોને નોટીસો આપીને ખાલી કરાવવાની શરુઆત કરી છે.જે આ સમસ્યાનો કાયમી ઉકેલ નથી.એમ લાગતાં મંત્રી મંડળની બેઠકમાં નિર્ણય લઈને મુખ્યમંત્રી રી-ડેવલપમેન્ટ અંગેનો સૈધ્ધાન્તિક નિર્ણય જાહેર કરી દીધો છે. જો કે આ નિર્ણયથી રી-ડેવલપમેન્ટ અંગેના રસ્તાઓ ખુલ્લા થઈ ગયા છે.અને લોકોને આ બાબતથી લાભ થશે.

# ગુજરાત રાજ્યમાં વધુ છ શહેરોમાં પાસપોર્ટ સેવા કેન્દ્રો શરુ કરવા માટેનો નિર્ણય લેવાયો

પાસપોર્ટ મેળવવાની અરજી સબમિટ કરવા માટે ગુજરાતના ગાંધીનગર,સાબરકાંઠા,અમરેલી, સુરેન્દ્રનગર અને બારડોલીમાં પાસપોર્ટ સેવા કેન્દ્રો પીએસકે ખોલવામાં આવશે. વિદેશ રાજયમંત્રીના અધ્યક્ષાપદે ગાંધીનગરમાં મળેલી સ્ટેટ આઉટરીચ કોન્ફરન્સમાં આ નિર્ણય લેવાયો હતો.

ગુજરાતમા પાસપોર્ટ સબંધિત પ્રક્રિયા માટે અમદાવાદ,સિવાય મહેસાણા, પાલનપુર, દાહોદ,આણંદ, ખેડા, ભરુચ,વેરાવળ, જુનાગઢ, જામનગર પોરબંદરમાં પોસ્ટ ઓફીસની અંદર પાસપોર્ટ સેવા કેન્દ કાર્યરત છે. આ ૧૦ શહેરો બાદ કરતાં વધુ ૬ શહેરોમાં સ્થાનિક નાગરિકોને ઘરઆંગણે આ સેવા ઉપબધ થશે.સ્ટેટ આઉટરીચ કોન્ફરન્સમાં રાજ્ય સરકાર વતી ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ભારત સરકારના વિદેશમંત્રી એમ.જે.અકબર સમક્ષ પાસપોર્ટ સેવાનો વ્યાપ વધારવા દરખાસ્ત રજુ કરી હતી જેનો તત્કાળ સ્વીકાર કરવામાં આવ્યો હતો.પાસપોર્ટ સેવા કેન્દ્રો મહદઅંશે પોસ્ટ ઓફિસમાં કાર્યરત છે.જ્યો કોઈપણ નાગરિક પાસપોર્ટની અરજી સબમિટ કરી શકે છે. ભારત સરકારનો વિદેશ મંત્રાલય કોન્સ્યુલેટ,પાસપોર્ટ અને ડાયસ્પોરા સંદર્ભે દર વર્ષે વિવિધ રાજ્યોમાં જઈને આઉટરીચ કોન્ફરન્સનું આયોજન કરતો હોય છે. જેમાં વિદેશ મંત્રાલયના અધિકારીઓ પણ હાજર રહેતા હોય છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.